523

12-2 5:00 PM

જી કામાં

ક્રમાંકઃપ્રાશિનિ/છ-૨/સંકલન/૨૦૧૯/૩૦૨૫-૩૯૯૦
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧ ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર. તા. ૧૭/૦૭/૨૦૧૯

પ્રતિ

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
- શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ-** ૭૦મા વન મહોત્સવ નિમિતે રાજ્યની તમામ શાળાઓમાં વૃક્ષારોપણ કરવા બાબત

**સંદર્ભઃ-** (૧) કમિશનર શાળાઓની કચેરી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક- માધ્ય/પરચ/૨૦૧૯ તા. ૧૭/૦૭/૨૦૧૯

(૨) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી, સામાજિક વનીકરણ, ગાંધીનગરનો પત્ર ક્રમાંકઃ- સાવયો/ટેપ./બ/૨૬૧૫-૫૩/૨૦૧૯ તા. ૧૧/૦૭/૨૦૧૯

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, સંદર્ભ- ૧ થી ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા રાજ્યની તમામ શાળાઓમાં ચાલુ વર્ષે ૧ કરોડ જેટલાં વૃક્ષો વાવવાનો લક્ષ્યાંક આપેલ છે. આગામી તા. ૧૫/૦૮/૨૦૧૯ ના સ્વાતંત્ર્ય પર્વ દિને આ સંકલ્પને પાર પાડવા માટે રાજ્યભરની તમામ સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી શાળાના વિદ્યાર્થીઓ મારફતે પ્રત્યેક વિદ્યાર્થીદીઠ એક વૃક્ષ વાવવાનું નક્કી કરવામાં આવેલ છે.

સંદર્ભ- ૨ થી અગ્ર મુખ્ય વન સંરક્ષણ કમિશનરશ્રી દ્વારા રાજ્યના તમામ વનસંરક્ષણ અધિકારીશ્રીઓને નજીકની નર્સરીઓમાંથી જરૂરી રોપાઓ શિક્ષણ વિભાગને પુરા પાડવા પત્ર કરેલ છે.

જેથી આપના તાબા હેઠળની તમામ પ્રાથમિક શાળાઓમાં વ્યવસ્થિત અને સફળતાપૂર્વક વન મહોત્સવ દરમ્યાન વિદ્યાર્થીઓ મારફતે પ્રત્યેક વિદ્યાર્થીદીઠ એક વૃક્ષ વાવી વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવે તેવી તમામ પ્રાથમિક શાળાઓને સૂચના આપવા આથી જણાવવામાં આવે છે.

5997 બિડાણઃ- ઉપર મુજબ

આ-૨ 18/7/19

સંયુક્ત શિક્ષણ નિયામક
પ્રાથમિક શિક્ષણ
ગુ. રા. ગાંધીનગર

જા. નં. આ-૨/10467
**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,**
**જિલ્લા સેવા સદન-૨, બ્લોક,**
**ત્રીજો માળ, અઠવાલાઈન્સ, સુરત.**
તા.: 21/07/2019

**જિલ્લા શિક્ષણાધિકારી**
**સુરત જિલ્લો સુરત**

Scanned by CamScanner